ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૩.૦° સે. | ૨૪.૦° સે. |
| બારડોલી | ૪૧.૦° સે. | ૨૩.૦° સે. |
| ભરૂચ | ૪૫.૦° સે. | ૨૫.૦° સે. |
| વ્યારા | ૪૧.૦° સે. | ૨૩.૦° સે. |





## કોડબા ગામ નજીક યુવકનું અકસ્માત મોત

સાગબારા: અક્કલકૂવા તાલુકાના કાકરપાડા ગામના ઈશ્વરભાઈ સહિત ત્રણ યુવકો એક્ટિવા મોપેડ પર દેવમોગરા મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યારે સામેથી આવી રહેલી હોન્ડા સાઈન બાઈક સાથે તેમની એક્ટિવાની સામસામે અથડામણ થતાં આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મોપેડ પર સવાર ઈશ્વરભાઈનું ઘટના સ્થળે જ મોત થયું છે. જ્યારે અન્ય બે યુવકોને સામાન્ય ઈજાઓ પહોંચી છે. ઘાયલોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા સાગબારા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સાગબારા પોલીસે સ્થળ પર પહોંચી વધુ તપાસ શરૂ કરી છે.

# જન આક્રોશની જીત: કોસંબા-હાંસોટ માર્ગ ઉપર આખરે બમ્પ મુકાયા

**તાજેતરમાં** જ પિતા-પુત્રી અને મજૂરનું મોત થતાં લોકોએ વિરોધ નોંધાવ્યો હતો

હથોડા: નેશનલ હાઈવેથી કોસંબા થઈને હાંસોટને જોડતો મુખ્ય માર્ગ છેલ્લા કેટલાય સમયથી વાહનચાલકો અને સ્થાનિક રહીશો માટે 'ડેથ ટ્રેપ' સાબિત થઈ રહ્યો હતો. કોસંબા જકાતનાકા નજીકના ગીચ રહેણાક વિસ્તારમાંથી પસાર થતા આ માર્ગ પર આખરે તંત્ર દ્વારા સ્પીડ બ્રેકર (બમ્પ) મૂકવાની કામગીરી હાથ ધરવામાં આવતાં સ્થાનિકોએ લાંબા સમય બાદ રાહતનો શ્વાસ લીધો છે.



ઈબ્રાહીમ ફાન

આ મુખ્ય માર્ગ પરથી દિવસ-રાત ભારેખમ અને ઓવરલોડેડ વાહનોની સતત અવરજવર રહે છે. ગીચ વસતી હોવા છતાં અહીં ગતિ મર્યાદા પર કાબૂ રાખવા માટે કોઈ વ્યવસ્થા નહોતી. છેલ્લા થોડા જ સમયમાં અહીં સર્જાયેલા વિવિધ અકસ્માતોમાં ૭થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. સ્થાનિકોએ અવારનવાર બમ્પ મૂકવા રજૂઆતો કરી હતી, પરંતુ તંત્રની નિષ્ક્રિયતાને કારણે લોકોમાં ભારે રોષ હતો.

તાજેતરમાં જ એક બેફામ દોડતા હાઈવા ડમ્પરે બે મોટરસાઈકલને અડફેટે લેતાં પિતા-પુત્રી અને એક શ્રમિક સહિત કુલ ત્રણ વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટનાએ લોકોના ધીરજની સીમા ઓળંગી દીધી હતી. અકસ્માત બાદ સરપંચ સહિત કોસંબાની જનતા મોટી સંખ્યામાં રસ્તા પર ઊતરી આવી હતી. રોષે ભરાયેલા લોકોએ ચીમકી આપી હતી કે જો તાત્કાલિક બમ્પ મૂકવામાં નહીં આવે તો રસ્તો ખોદી નાંખવામાં આવશે. પ્રજાનો આકરો મિજાજ જોઈને ઊંઘતું ઝડપાયેલું તંત્ર આખરે હરકતમાં આવ્યું હતું. જકાતનાકા અને રહેણાક વિસ્તારના પોઈન્ટ્સ પર બમ્પ મૂકવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. નિર્દોષોના લોહીથી ખરડાયેલા આ માર્ગ પર હવે વાહનોની ગતિ પર લગામ આવશે, તેવી આશા સાથે ગ્રામજનોએ સંતોષની લાગણી વ્યક્ત કરી છે. જો કે, સ્થાનિકોની માંગ છે કે ભવિષ્યમાં આવી હોનારતો ન સર્જાય તે માટે ભારે વાહનોના પ્રવેશ પર પણ યોગ્ય નિયંત્રણ રાખવામાં આવે.

## સંક્ષિપ્ત સમાચાર

### કોટલી ગામની સીમમાં આતંક મચાવનાર દીપડો આખરે પાંજરે પુરાયો



કુકરમુંડા: નિઝર તાલુકાના કોટલી ગામની સીમમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાનો ભારે આતંક હતો. પશુપાલક પ્રતાપભાઈ લક્ષ્મણભાઈની બકરી પર હુમલો કરી દીપડાએ મારણ કરતાં સમગ્ર પંથકમાં ફાળ પડી હતી. સ્થાનિકોની રજૂઆત બાદ વન વિભાગે અનિલભાઈ પટેલના ખેતરમાં પાંજરું ગોઠવ્યું હતું, જેમાં અંદાજિત ચાર વર્ષનો દીપડો ગતરોજ વહેલી સવારે કેદ થયો હતો. વન વિભાગે દીપડાનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. દીપડો પકડાતાં ગ્રામજનોએ રાહત અનુભવી છે, પરંતુ અન્ય દીપડાઓની હાજરીની આશંકાએ ફફડાટ હજુ પણ યથાવત છે.

### પલસાણામાં ટ્રેન અડફેટે શ્રમિકનું મોત

પલસાણા: મૂળ મધ્ય પ્રદેશના અને હાલ ગોકુલ નગરમાં રહેતા ૪૨ વર્ષીય શ્રમિક મોહનભાઇ ગણાવા તાતીથૈયા ગામ પાસે સુરત-ભુસાવલ ડાઉન લાઇન પર ટ્રેનની અડફેટે આવી ગયા હતા. ગંભીર ઇજાઓ થવાથી તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ઝઘડિયામાં કોંગ્રેસને સહકાર ન આપ્યો તો... વિડીયો વાયરલ થતાં પોલીસ ફરિયાદ

ભરૂચ, ઝઘડિયા: સોશિયલ મીડિયા પર એક વિડીયો વાયરલ થતાં ઝઘડિયા તાલુકાના શખ્સ અને કોંગ્રેસ સમર્થક મિતેશ પઢીયાર વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી છે. આ વિડીયોમાં તેમણે કોંગ્રેસના ઉમેદવારો માટે આર્થિક ટેકો માંગવા અંગે ગર્ભિત ધમકી આપ્યાનું જણાય છે. વાયરલ વિડીયોમાં મિતેશ પઢીયાર કહેતો જોવા મળે છે, "બીજેપીના કેન્ડિડેટને જો તમે લોકોએ આર્થિક રીતે સહયોગ આપ્યો છે, તો કોંગ્રેસના કેન્ડિડેટને પણ તમારે સહયોગ આપવો પડશે." તેમણે ઝઘડિયાના સિલિકા પ્લાન્ટ, GIDC, કોન્ટ્રાક્ટરો અને એસોસિએશનોને સંબોધતા કહ્યું કે, જો તેમની પેનલના લોકો ખાલી હાથે ગયા તો તેનું શીલીકા ઉદ્યોગોના માલિકોએ ભોગવવું પડશે. તેમણે એમ પણ કહ્યું, "આ કોઈ ધમકી નથી, પણ કોઈ ધમકી લેવા માંગતું હોય તો લઈ શકે છે. પ્રેમથી ન સમજે તો ઊંધા કાન પકડાવતા આવડે છે." ઝઘડિયા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ નિતેશભાઈએ સોશિયલ મીડિયા પર વિડીયો જોયો અને ફરિયાદી બનીને ગુનો નોંધાવ્યો હતો. પોલીસે મિતેશ પઢીયાર વિરુદ્ધ BNS કલમ 308(2) (ગુનાહિત ધમકી), 173 (ચૂંટણીમાં ગેરકાયદે પ્રભાવ), અને 351(2) (ઉશ્કેરણી) મુજબ ગુનો નોંધીને તેની ધરપકડ કરી છે.

### કુકરમુંડાના મૌલીપાડા ગામે સાપનું રેસ્ક્યુ કરાયું



કુકરમુંડા: કુકરમુંડાના મૌલીપાડા ગામે જીવનદાસ પાડવીના ઘરે નળિયામાંથી બિનઝેરી 'ડેંડુ' (ચેકર્ડ કીલબેક) સાપ જોવા મળ્યો હતો. ગરમીથી બચવા રહેણાક વિસ્તારમાં આવેલા આ સાપનું સ્નેક રેસ્ક્યુઅર વસીમ મકરાણીએ સફળ રેસ્ક્યુ કરી જંગલમાં સુરક્ષિત મુક્ત કર્યો હતો.

### દમણનો કુખ્યાત બુટલેગર ઝડપાયો



પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે દમણના કુખ્યાત બુટલેગર સુરેશ ઉર્ફે સુખા જગુભાઇ પટેલને ઝડપી લીધો હતો. ગત ૧ માર્ચ-૨૦૨૬ના રોજ કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રૂ.૧૬,૨૪,૬૧૮ની કિંમતનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. આ ગુનામાં દમણના ભીમપોરનો રહેવાસી સુરેશ પટેલ સપ્લાયર તરીકે સંડોવાયેલો હતો અને તે લાંબા સમયથી નાસતો ફરતો હતો. પોલીસે બાતમીના આધારે દમણના ભીમપોર ખાતે ૪૯ વર્ષીય સુરેશ પટેલને પકડી પાડ્યો હતો. આરોપી ૨૦૦૭થી ૨૦૧૦ દરમિયાન પારડી, ગણદેવી, વાપી, પલસાણા અને નવસારી સહિતનાં વિવિધ પોલીસ મથકોમાં તેના પર પ્રોહિબિશનના અનેક ગુનામાં સંડોવાયેલો છે. હાલ આરોપીને વધુ તપાસ માટે કીમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

### સાયણ નજીક અકસ્માતમાં શ્રમિકનું મોત

સાયણ: સાયણ-કીમ રોડ પર ગત શનિવારે અજાણ્યા બાઇક ચાલકે પગપાળા જઈ રહેલા ૫૮ વર્ષીય શ્રમિક બસંતકુમાર સાહુને પાછળથી ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. મૂળ ઓડિશાના અને કારેલી ગામે રહેતા મૃતકના પુત્રએ અજાણ્યા ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કામરેજથી વરલી મટકાના અંકના જુગારના અડ્ડા પર રેડ, એકની ધરપકડ

પલસાણા: સુરત જિલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લોની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે સંયુક્ત બાતમી મળી હતી કે, નવાગામની સીમમાં કામરેજ ચાર રસ્તાથી ઉમા મંગલ હોલ તરફ જતા રોડ પર દુર્ગા સર્વિસ સ્ટેશનની સામે જાહેરમાં મુકેશ પટેલ પોતાના આર્થિક ફાયદા સારું પોતાના મળતીયા માણસો દ્વારા મુંબઈથી નીકળતા વરલી મટકાનો આંક ફરકનો પૈસાની હારજીતનો જુગાર મોબાઈલમાં સોશિયલ મીડિયા એપ્લિકેશન મારફતે અંકો લખી જુગાર રમાડે છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક રેડ કરી મોબાઈલ ફોનમાં વોટ્સએપ એપ્લિકેશનમાં અંક લખનાર તથા વલણ લેનાર ઇસમ મુકેશભાઈ ઝવેરભાઈ પટેલ (ઉં.વ.51) (રહે.,નવાગામ, તા.કામરેજ)ની ધરપકડ કરી હતી. જ્યારે જુગાર રમાડનાર ગેહનાબેન ગીરીશભાઈ ગાબુ (રહે.,લસકાણા, સુરત)ને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે પકડાયેલા આરોપી પાસેથી રૂ.35820 રોકડા અને બે મોબાઈલ ફોન કિં.રૂ.5500 મળી કુલ 41,320 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.

### ભરૂચ જિલ્લાના જીમોમાં મહિલાઓની સુરક્ષા મુદ્દે રજૂઆત



ભરૂચ: ભરૂચ જિલ્લાના વિવિધ જીમોમાં મહિલાઓ સાથે અયોગ્ય વર્તન, છેડછાડ અને શારીરિક-માનસિક શોષણની ઘટનાઓ વધી રહી હોવાના સંકેતો સામે આવતાં 'એકતા એ જ લક્ષ્ય સંગઠન' દ્વારા જિલ્લા પોલીસવડા સમક્ષ તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરવામાં આવી છે. સંગઠને લેખિતમાં રજૂઆત કરી છે કે, કેટલાક જીમોમાં ટ્રેનરો દ્વારા મહિલા સભ્યો સાથે અયોગ્ય વર્તન અને શારીરિક શોષણ જેવી ગંભીર બાબતો બનતી હોવાની આશંકા છે. આવા બનાવો ભારતીય દંડ સંહિતા (IPC) હેઠળ ગુનાની શ્રેણીમાં આવે છે, છતાં અસરકારક કાર્યવાહી ન થતાં સુરક્ષા માળખું નબળું પડ્યું છે. જેથી કાયદેસર માર્ગદર્શિકા જારી કરી, નિયમોના ઉલ્લંઘન પર કડક કાર્યવાહીનું પાલન કરવું જોઈએ.

Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm
Lee Cronins The Mummy
12:00pm, 06:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

# વાગરા ST ડેપો પાસે વીજ પોલ પર શોર્ટસર્કિટથી આગ, ટાઉન બ્લેકઆઉટ



વાગરા: વાગરા ટાઉનના એસ.ટી. ડેપો જેવા ભરચક વિસ્તારમાં વીજ લાઈન પર અચાનક શોર્ટસર્કિટ થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વીજ પોલ પર સર્જાયેલા ટેક્નિકલ ફોલ્ટને કારણે એકાએક આગ ફાટી નીકળી હતી, જેથી આસપાસના રહીશો અને મુસાફરો સ્તબ્ધ થઈ ગયા હતા.

ઘટનાની વિગતો અનુસાર વાગરા ST ડેપોની નજીક આવેલા મુખ્ય વીજ પોલ પર અચાનક સ્પાર્કિંગ શરૂ થયું હતું. જોતજોતામાં શોર્ટસર્કિટ એટલું ગંભીર બન્યું કે વીજ તારો પર આગની જ્વાળાઓ દેખાવા લાગી હતી. આ વિસ્તાર હંમેશાં લોકોની અવરજવરથી ધમધમતો હોવાથી લોકો જીવ બચાવવા દોડવા લાગ્યા હતા. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

અકસ્માત બાદ સલામતીના ભાગરૂપે સમગ્ર વાગરા ટાઉનનો વીજ પુરવઠો તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યો હતો. અચાનક વીજળી ગુલ થતાં આખું નગર અંધારામાં ડૂબી ગયું હતું. આકરો ઉનાળો અને રાત્રિના સમયે વીજળી જતાં રહેતાં વેપારીઓ અને રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ વીજ કંપનીના કર્મચારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં વીજ કર્મીઓએ યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરી છે. બળી ગયેલા તારો અને ક્ષતિગ્રસ્ત સાધનોને બદલવા માટે ટેક્નિકલ ટીમ કામે લાગી હતી.

# 'શેઠજી'ના આદેશ પર દોડતું દારૂ ભરેલું કન્ટેનર તુંડી પાસે અટવાયું!

**સુરત** LCB અને પેરોલ ફ્લો સ્ક્વોડની સફળતા

**કન્ટેનરમાં** છુપાવેલો રૂ.33.98 લાખનો દારૂ કબજે



ઈલ્યાસ શેખ

પલસાણા: સુરત ગ્રામ્ય એલસીબી અને પેરોલ ફર્લોની ટીમે પલસાણાના તુંડી નજીક નેશનલ એક્સપ્રેસ વે નં.4 પરથી વિદેશી દારૂના જંગી જથ્થા સાથે એક કન્ટેનર ઝડપ્યું હતું. એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ દ્વારા કરવામાં આવેલી આ દરોડાની કાર્યવાહી દરમિયાન ટાટા કન્ટેનરમાંથી અંદાજે 22,656 જેટલી વોડકાની બોટલો મળી આવી હતી.

પોલીસ દ્વારા આ કાર્યવાહીમાં કુલ 49,15,100 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ જપ્ત કરાયેલા મુદ્દામાલમાં 33,98,400 રૂપિયાની કિંમતનો દારૂ, 15,00,000 રૂપિયાનું કન્ટેનર, ત્રણ મોબાઈલ ફોન અને 1,200 રૂપિયા રોકડાનો સમાવેશ થાય છે. આ કેસમાં કૃષ્ણકુમાર પુરારામ ગોદારા નામના ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આ માલ ચંડીગઢ બાયપાસ પરથી લોડ કરવામાં આવ્યો હતો અને તેને વડોદરા તરફ લઈ જવામાં આવી રહ્યો હતો. આરોપીએ પોલીસને જણાવ્યું કે તેને એક ચોક્કસ 'શેઠજી' દ્વારા આ કામ માટે સૂચના આપવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર 'શેઠજી', ચંડીગઢ ખાતે દારૂ ભરાવનાર વ્યક્તિ અને વડોદરામાં માલ લેવા આવનારી વ્યક્તિને વોન્ટેડ જાહેર કરવામાં આવી છે.

# સરભોણમાં ગ્રામજનોએ તળાવનું કામ અટકાવ્યું



**કોન્ટ્રાક્ટર** મંગળવારે ગ્રામજનોને મળવા આવશે

બારડોલી: બારડોલીના સરભોણ ગામે કાની રોડ પર આવેલા તળાવમાં મંજૂરી કરતા વધુ ખોદકામ કરવામાં આવતાં આજુબાજુના ખેડૂતોની જમીનને નુકસાન થઈ રહ્યું છે. રવિવારના રોજ અસરગ્રસ્ત ખેડૂતો એકત્રિત થયા હતા. પરંતુ તળાવ ખોદકામ કરનાર કોન્ટ્રાક્ટર આવ્યો ન હતો. હાલ પૂરતું ગ્રામજનોએ તળાવ ખોદકામની કમગીરી અટકાવી દીધી છે. આ અંગે મળતી માહિતી અનુસાર સરભોણથી કાની જતા માર્ગ પર આવેલા તળાવમાં છેલ્લાં બે વર્ષથી આડેધડ માટી ઉલેચવામાં આવી છે. ગત વર્ષે ગ્રામજનોએ પ્રાંત અધિકારીને કામ બંધ કરાવવા લેખિત ફરિયાદ પણ કરી હતી, જે ફરિયાદ અનુસંધાને પ્રાંત અધિકારીએ તાલુકા વિકાસ અધિકારીને યોગ્ય કાર્યાવહી કરવા સૂચના આપી હતી. પરંતુ તાલુકા વિકાસ અધિકારી દ્વારા કોઈ કાર્યવાહી કે પગલાં લેવામાં આવ્યાં ન હતાં. નિયમ કરતા વધુ ઊંડું તળાવ ખોદવા છતાં આ વર્ષે પણ ફરીથી માટી માફિયા દ્વારા ખનન શરૂ કરી દેવામાં આવ્યું હતું. માટીખનનને કારણે તળાવને અડીને આવેલા ખેડૂતોની જમીન તેમજ રસ્તાને મોટું નુકસાન થયું છે. મંજૂરીથી વધુ માટીની કથિત રીતે ચોરી કરવામાં આવી રહી હોવાનો ગ્રામજનોએ આરોપ લગાવ્યો હતો. દરમિયાન રવિવારે મોટી સંખ્યામાં ખેડૂતો તળાવ કિનારે એકત્રિત થયા હતા. પરંતુ કોન્ટ્રાક્ટર ફરક્યો સુદ્ધા ન હતો. જેને લઈને ગ્રામજનોએ તાત્કાલિક અસરથી કામગીરી અટકાવી દીધી હતી. બીજી તરફ કોન્ટ્રાક્ટર મંગળવારે તેમના ગોડફાધરને લઈ તળાવ પર આવવાનો હોવાનું ગ્રામજનોને જણાવ્યું હતું.

# નિયતિની ક્રૂર મજાક: બેનના લગ્નની ખુશી વચ્ચે વ્હાલસોયા ભાઈનું અકસ્માત મોત

**સોનગઢના** આમલપાડા પાસે બાઇક સ્લિપ થતાં યુવાનનું મોત

સોનગઢ: સોનગઢના મોટા આમલપાડા ગામની સીમમાં શનિવારે સાંજે પૂરઝડપે જઈ રહેલા બાઈક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બાઈક સ્લિપ થઈ ગઈ હતી, જેમાં ૩૨ વર્ષીય યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર મોટા આમલપાડા ગામના સરપંચ ફળિયામાં રહેતા જિતેન્દ્રભાઈ અર્જુનભાઈ વસાવા (ઉં.વ.૫૩)ના ઘરે દીકરી તેજલબેનનાં લગ્ન નિર્ધારિત હોવાથી પરિવારના સભ્યો લગ્નની તૈયારીઓમાં વ્યસ્ત હતા. ત્યારે શનિવારે સાંજે માતાપિતા લગ્નની ખરીદી માટે સેલંબા ગયાં હતાં. જ્યારે સાંજે આશરે ૬:૩૦ વાગ્યાના સુમારે જીતેન્દ્રભાઈનો પુત્ર વિશાલભાઈ વસાવા (ઉં.વ.૩૨) પોતાની હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ-26-H-4287) લઈ મોટા આમલપાડાથી ગોડદા ખાડી તરફ જઈ રહ્યો હતો. ત્યારે ટોલબારી ઘાટના વળાંક પર મોટરસાઈકલની ગતિ વધુ હોવાને કારણે બાઈક પરનો કાબૂ ગુમાવતાં બાઈક સ્લિપ ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં વિશાલને બોરદા પી.એચ.સી. બાદ વધુ સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સોનગઢ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના અંગે પિતા જીતેન્દ્રભાઈ વસાવાની ફરિયાદના આધારે સોનગઢ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. લગ્નના માહોલ વચ્ચે યુવાન પુત્રનું મોત થતાં ગામમાં અને પરિવારમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો છે.

## ભરૂચમાં મોપેડ ચોરાતાં ફરિયાદ

ભરૂચ: ભરૂચ શહેરના વેજલપુર વિસ્તારમાંથી મોપેડ ચોરાઈ જતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફરિયાદી મોહમદ સરફારજ અજૂલસત્તાર શેખ (ઉ.વ.40) રોયલ એનફિલ્ડ વર્કશોપમાં કેશિયર તરીકે નોકરી કરે છે. તા.26/3/2026ના રોજ સવારે લગભગ 9 વાગ્યે તેમણે પોતાની મોપેડ નં.(GJ-16-BD-6556) વર્કશોપની સામે બ્રિજ નીચે પાર્ક કરી હતી. સાંજે 6 વાગ્યે પાછા ફરતાં મોપેડ ત્યાં ન હતી. જે બાબતે આસપાસ શોધખોળ કરવા છતાં તે મળી ન મળતાં ચોરી થઈ હોવાનું માલૂમ થયું હતું. આ બાબતે ઈ-FIR હેઠળ ફરિયાદ કરતાં ભરૂચ સી-ડિવિઝનમાં 45 હજારની મોપેડ ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો છે.

# ભરૂચના વોર્ડ નં-8માં ભાજપ ઉમેદવારનો ઘેરાવો



ભરૂચ: ભરૂચ શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટેનો પ્રચાર જોરશોરમાં ચાલી રહ્યો છે. ત્યારે વોર્ડ નંબર 8માં ગત રોજ સાંજે વિરોધનો સૂર સામે આવ્યો હતો. અહીં પ્રચાર કરી રહેલા ભાજપના ઉમેદવારને સ્થાનિક રહેવાસીઓએ ઘેરી લીધા હતા અને પ્રચંડ વિરોધ નોંધાવ્યો હતો.

રહેવાસીઓએ આક્ષેપ કર્યો કે અમારા વિસ્તારમાં હજુ સુધી કોઈ નોંધપાત્ર વિકાસ કાર્યો થયાં નથી. તેમણે ઉમેદવાર સામે નારાજગી વ્યક્ત કરી હતી. વિરોધ વધતાં જોખમ સમજીને ઉમેદવારે પરિસ્થિતિને વધુ હાથમાં ન લેવા શાંતિપૂર્ણ રીતે ત્યાંથી આગળ વધવાનું પસંદ કર્યું હતું. આ ઘટનાને પગલે વોર્ડ નં.8માં ચર્ચાઓનો માહોલ સર્જાયો છે. ચૂંટણી પૂર્વે બનેલી આ ઘટનાની સ્થાનિક રાજકીય સમીકરણો પર શું અસર થશે, તે આવનારા દિવસોમાં જ જોવા મળશે.

# પરિણીતા પર બળાત્કાર કરનાર બિહારી યુવકની ધરપકડ

બારડોલી: બારડોલીના એક જાણીતા આયુર્વેદિક સેન્ટરમાં નોકરી કરતી ૨૫ વર્ષીય પરિણીત યુવતી સાથે સોશિયલ મીડિયા પર થયેલી મિત્રતા બાદ દુષ્કર્મની ચોંકાવનારી ઘટના સામે આવી છે. મૂળ સિક્કિમની રહેવાસી અને બારડોલીમાં નોકરી કરતી પીડિતાનો પરિચય બિહારના ગોપાલગંજ નિવાસી ૨૧ વર્ષીય રિતેશ કનૈયા સિંઘ સાથે 'ફ્રી ફાયર' ગેમ દરમિયાન થયો હતો. સમય જતાં બંને વચ્ચે વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ અને પ્રેમસંબંધ બંધાયો હતો. આરોપીએ વાતચીત દરમિયાન મેળવેલા પરિણીતાના ખાનગી ફોટાના આધારે તેને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. આ સ્થિતિનો ગેરલાભ ઉઠાવી આરોપી રિતેશ બિહારથી બારડોલી આવી પહોંચ્યો હતો અને ફોટા તેના પતિને મોકલી બદનામ કરવાની ધમકી આપી યુવતી પર અવારનવાર બળાત્કાર ગુજાર્યો હતો. આરોપીના સતત ત્રાસથી કંટાળેલી પીડિતાએ આખરે હિંમત દાખવી બારડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બારડોલી ટાઉન પોલીસે ફરિયાદના આધારે આરોપી રિતેશ સિંઘની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## અંકલેશ્વર સહિત ભરૂચ જિલ્લામાં પારાવાર ગરમીથી લોકો ત્રાહિમામ્

અંકલેશ્વર, ભરૂચ: ભરૂચ જિલ્લા સહિત અંકલેશ્વર શહેરમાં કાળઝાળ ગરમી અને ભારે બફારાના કારણે જનજીવન ઉપર ગંભીર અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગના આંકડા મુજબ અંકલેશ્વરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ભેજનું પ્રમાણ 83 ટકા સુધી પહોંચી જતા ગરમી સાથે બફારાનો દ્વિગુણો માર અનુભવાયો હતો. પવનની ગતિ પ્રતિ કલાક સરેરાશ 20થી 25 કિલોમીટર નોંધાતા હોવા છતાં ગરમીમાં ખાસ રાહત અનુભવાઈ નહોતી.

# કડોદરાના શાંતિનગરમાંથી પરિણીતા રહસ્યમય રીતે ગુમ

પલસાણા: કડોદરાના શાંતિનગર સોસાયટીમાં રહેતા નિલેશભાઈ હડીલાનાં પત્ની સરસ્વતીબેન ગત તા.૨૫ ફેબ્રુઆરીએ રાત્રે ૧૦ વાગ્યે કોઈને પણ જણાવ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. પરિવારજનોએ સ્થાનિક વિસ્તાર અને તેમના વતન મધ્યપ્રદેશના ઝાબુઆ સ્થિત શેખલિયા ગામમાં સગા-સંબંધીઓને ત્યાં સઘન શોધખોળ કરી હતી, પરંતુ તેમની કોઈ ભાળ મળી ન હતી. આખરે, સંપર્ક ન થતાં પતિએ ૧૮ એપ્રિલના રોજ કડોદરા પોલીસ મથકે પત્ની ગુમ થયાની ફરિયાદ નોંધાવી છે.